**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૮/૦૧/૨૦૧૮ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૧/૧૮**

**મર્ડરના ગુનામાં પકડાયેલ અને વચગાળાના જામીન ઉપરથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચઅમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી.ના પો.સ.ઇ.શ્રી એન.એન.રબારી તથા પોસઇ શ્રીજે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન હેડ કોન્સ. જયેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા પો.કો.અનવરખાન પીરખાન નાઓની સંયુકત બાતમી હકીકત આધારેનવરંગપુરા લો ગાર્ડન ચાર રસ્તા વી માર્ટ મોલ આગળથી દેવદત્ત કલ્પેશભાઇ શાહ ઉવ.૨૬ રહે, ૫૨, શ્યામસુંદર રો હાઉસ, માનવમંદિર પાસે, મેમનગર, અમદાવાદ શહેરને ઝડપી લેવામાં આવેલ સદરી ઇસમની પુછપરછ કરતાં સને૨૦૧૬ માં ખુનના ગુનામાં ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં પકડાયેલ અને આ ગુનામાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ગયેલ અને તા૨૨/૧૨/૨૦૧૭ થી તા.૩૦/૧૨/૨૦૧૭ સુધીની નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી રજા મેળવેલ અને રજા પુરી થયા બાદ પોતે જેલમાં હાજર નહી થઇ નાસતો ફરતો હતોની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપીને આજરોજ તા.૦૭/૦૧/૨૦૧૮ ના રોજ હસ્તગત કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

સદર આરોપી અગાઉ રેમ્બો પુલ સાઇડ કેફે એન્ડ લોન્ચમાં ફાયરીંગ કરવાના ગુનામાં સોલા પો.સ્ટે.સે.ગુ.ર.નં.૩૦૩૦/૨૦૧૬ ધી ઇપીકો કલમ ૫૦૬(૨),૧૧૪, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)બી,એ, ૨૭(૧) તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૩૧/૧૬ ધી ઇપીકો કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબતથા ઘાટલોડીયા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૨૬/૧૬ ધી ઇપીકો કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબના ગુનાઓમાં પકડાયેલ છે

**<u>ફોર વ્હીલ વાહન ચાલકને રસ્તામાં રોકી એક્સિડન્ટ કેમ કરેલ છે તેમ જણાવી તેની સાથે બોલાચાલી કરી વાહન ચાલક પાસે થી રૂપીયા તથા કિંમત ચીજવસ્તુ ની લુંટ કરી નાસી જનાર ગેંગના મુખ્ય સુત્રધારને લુંટના મોબાઇલ ફોન તથા એક્ટીવા સાથે ઝડપી પાડી લુંટનો ગુનો શોધતીઅમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા લુંટ તથા ચોરીઓના ગુના શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ તેમન સ્કોડના અધિકારી/માણસોને જરૂરી સુચના અને માર્ગદર્શન કરતા પોસબ.ઇન્સ. શ્રી જે.પી.રોજીયા તથા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ શોધવા માટેની કામગીરી હાથ ધરેલ હતી

આજરોજ પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં નિકળેલ હતા તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કોન્સ. દિગ્વીજયસિંહ ભુરુભા તથા પોકોન્સ. ભવાનીસિંહ પ્રતાપસિંહ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે શાહબાજખાન ઉર્ફે ચુહા યાકુબખાન પઠાણ રહે. જુહાપુરા, અમદાવાદ નાને જુહાપુરા ચાર રસ્તા પાસે થી એક મોબાઇલ ફોન કિંમત રૂ૫,૦૦૦/- તથા હોન્ડા એકટીવા કિંમત રૂ.૬૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૬૫,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી અટક કરવામાં આવેલ છે.

સદર આરોપીની પુછપરછ કરતા આજથી વીસેક દિવસ પહેલા સાંજના સમયે પોતે સહ આરોપીઓ આમીર ઉર્ફે બટલર તથા રાજા ઉર્ફે પગી બન્ને રહે. અમદાવાદ નાઓ સાથે પોતાના હોન્ડા એક્ટીવા સ્કુટર બેસી લુંટકરવાના ઇરાદે નિકળેલ હતા. અને સાંજના આઠેક વાગ્યાના સમયે જમાલપુર ગીતા મંદિર રોડ, લાટી બજાર, મ્યુનિસિપલ ચાલી બસ સ્ટેન્ડ પાસે રોડ ઉપર થી મહિન્દ્રા ગાડીના ચાલક ને રોકી અમારી સાથે એક્સિડન્ટ કેમ કરેલ છે તેમ કહી તેની સાથે બોલાચાલી કરી તેના ખિસ્સા માંથી એક એમઆઇનો મોબાઇલ ફોન તથા રોકડા રૂ.૧૩,૦૦૦/- કાઢી લઇ તેની લુંટ કરેલ હોવાની કબુલાત કરેલ છે. જેથી સદર બનાવ અંગે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે લુંટનો ગુનો નોંધાયેલ હોય જેથી આરોપીને આગળની વધુ તપાસ અર્થે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર આરોપી અગાઉ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ટાયર ચોરીના ગુનામાં પકડાઇ ચુકેલ છે

**<u>ચાર દિવસ પહેલા નારોલ વિસ્તાર માંથી ફરવાના જવાના ઇરાદે ઘરે થી ગુમ થયેલ બે બાળકોને શોધી કાઢતી અમદાવાદ શહેર,ક્રાઈમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર, નારોલ વિસ્તારમાં શાકભાજીનો વેપાર કરતા દેસરાજ સાક્ય તથા લેબર કોન્ટ્રાક્ટ ચલાવતા બંસીલાલ સરોજ નાઓના તેમના પરિવાર સાથે નારોલ, ભારતનગર વિસ્તારમાં આજુ-બાજુમાં રહે છે અને જેઓને સંતાનમાં૧૪-૧૫ વર્ષની ઉંમરના દિકરોઓ છે જે બન્ને દિકરાઓ સાથે રમતા હોય જે બન્ને છોકરાઓ ગઇ તા.૩/૦૧/૨૦૧૮ ના રોજ સાંજના છ વાગ્યાના સમયે પોતાના ઘરે થી નિકળી ગયેલ હતા. અને મોડી રાત સુધી ઘરે પરત નહિ આવતા તેઓના પિતા એ પોતાના બન્ને દિકરાઓનુ કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગયેલ હોવાની રજુઆત નારોલ પોલીસ સ્ટેશન ખાતેકરતા જે બાબતે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ હતી

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ૧૪-૧૫ વર્ષની ઉંમરના બે છોકરાના અપહરણનો ગુનો શોધી કાઢવા સારુ સુચના કરેલ હોય જેઓની સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના માર્ગદર્શન હેઠળ તેઓના સ્કોડના પો.સ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સ.ઇ. શ્રી જે.પી.રોજીયા તથા પો.સ.ઇ. શ્રી ડી.કે.ચૌધરી નાઓની ટીમ બનાવી અપહરણ થયેલ બાળકશોધવાની કામગીરી હાથ ધરેલ હતી. અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સ્ટાફના હેડ.કોન્સ. હિતેન્દ્રસિંહ ખોડુભા તથા હેડ.કોન્સ. વિજયસિંહ અદેસિંહ નાઓને મળેલ બાતમી આધારે આજરોજ તા.૭/૦૧/૨૦૧૮ ના રોજ ઉપરોકત અપહરણ થયેલ ૧૪-૧૫ વર્ષના બે છોકરાને શોધી કાઢેલ અને આગળની વધુ વધુ કાર્યવાહી કરવા નારોલ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર બન્ને બાળકોની પુછપરછ કરતા પોતાને ફરવા જવાની ઇચ્છા થતા પોતાની પાસે પોકેટ મનીના પૈસા હોય જેથી બન્ને બાળકોએ પોતાના ઘરે કોઇ ને કંઇ પણ કહ્યા વગર નિકળી ગયેલ હતા. બાદ અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન થી ટ્રેનમાં બેસી પોરબંદર ખાતે ગયેલ હતા જ્યાં દિવસ દરમ્યાન પોરબંદર શહેરમાં ફરી સાંજના ટ્રેનમાં બેસી મુંબઇ ખાતે ગયેલ હતામુંબઇમાં તેઓએ તાજ હોટલ, ગેટ વે ઓફ ઇન્ડીયા વિગેરે વિસ્તારમાં ફરેલ હતા બાદ સેન્ટ્રર રેલ્વે સ્ટેશન ખાતે રાત રોકાયેલ હતા. બાદ જાહેરાત વાંચી વેઇટરની નોકરી માટે ગોરેગાંવ ગયેલા પરંતુ પોતાની પાસે આઇડી પ્રૂફ ન હોય જેથી કોઇએ નોકરી રાખેલ નહિ તેવી હકિકત જણાવેલ છે.

**સુરક્ષા સેતુ રથ:**

શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.